જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૫/૨૦૧૯ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૫૩/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૧૮૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન, ૧ બોલેરો પીક અપ ગાડી અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૯ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૨૬,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૫૪/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૫૫/૧૯**

**ઘાટલોડીયાઃ** ધર્મેન્દ્રભાઇ ઘનશ્યામભાઇ (રહે.અમર એપાર્ટમેન્ટ, સંજયનગર સામે ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૪/૧૯ કલાક ૬/૦૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન કિમત રૂપિયા ૩૩,૦૦૦/-, રોલેક્ષ કંપનીની ઘડિયાળ કિમત રૂપિયા ૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૭,૬૦૦/- મળી કુલ રૂપિયા ૫૯,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ગીતાબેન રામજીભાઇ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૫૬/૧૯**

**સોલા હાઇકોર્ટઃ** રાહુલસિંગ ઉમેદસિંગ ચૌહાણ (રહે.વિકાસનગર વસંતનગર ટાઉનશીપ ગોતા) તા.૨૪/૦૪/૧૯ રાતના ૯/૦૦ વાગે સિલ્વર સ્ટાર ચાર રસ્તા સામે આવેલ કોર્પોરેશનનાં પાર્કિંગમાં પોતાની બોલેરો કાર નંબર જીજે.૧૮.એસી.૬૦૫૫ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૫/૦૪/૧૯ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રાહુલસિંગ ચૌહાણે તા.૩૦/૦૪/૧૯ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી એસ.જે.વસાવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.